# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૪/૧૦/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરના વર્ષ ૨૦૨૦–૨૧ના ઉપપ્રમુખની ચૂંટણીમાં આશિષ ગુજરાતીનો વિજય

**<u>ચેમ્બરના વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ તરીકે દિનેશ નાવડિયાને બિનહરીફ જાહેર કરાયા</u>**

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૦–૨૧ માટેના ઉપપ્રમુખપદ માટેની ચૂંટણીનું મતદાન રવિવાર, તા. ૪/૧૦/૨૦૨૦ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક દરમિયાન સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે રાખવામાં આવ્યું હતું. બે ઉમેદવારો વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં આશિષ પી. ગુજરાતીનો વિજય થયો હતો. ચેમ્બરના વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ તરીકે દિનેશ નાવડિયા બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૦–૨૧ માટેના ઉપપ્રમુખપદ માટે કુલ ૧૩ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. ૧૧ જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. ચૂંટણીના છેલ્લા બે દિવસ દરમ્યાન આશિષ પી. ગુજરાતી અને સી.એ. મિતિષકુમાર સન્મુખલાલ મોદીએ ઉમેદવારી પાછી નહીં ખેચતા તેઓની વચ્ચે ચૂંટણી રાખવાનું ચૂંટણી સમિતિ દ્વારા નકકી કરવામાં આવ્યુ હતુ. આથી આજરોજ આશિષ પી. ગુજરાતી અને સી.એ. મિતિષકુમાર સન્મુખલાલ મોદીની વચ્ચે ચૂંટણી યોજાઇ હતી.

ચેમ્બરના વર્ષ ૨૦૨૦–૨૧ના ઉપપ્રમુખ પદ માટે આજરોજ યોજાયેલી ચૂંટણીના અંતે કુલ ૨૯૩૦ મતો પડયા હતા. જેમાંથી ૫૪ મત રદ કરવામાં આવ્યા હતા. ચૂંટણીમાં પડેલા કુલ ૨૯૩૦ મતોમાંથી ૫૪ મતો રદ કરવામાં આવતા ૨૮૭૬ મતોની ગણતરી કરવામાં આવી હતી.

રવિવારે સાંજે ચૂંટણી સમિતિના સભ્યો, ઓફિસ બેરર્સ, બંને ઉમેદવારોની હાજરીમાં મત ગણતરી કરવામાં આવી હતી. જેમાં આશિષ પી. ગુજરાતીને ૧૭૭૭ મતો અને સી.એ. મિતિષકુમાર સન્મુખલાલ મોદીને ૧૦૯૮ મતો મળ્યા હતા. આશિષ ગુજરાતીએ, સી.એ. મિતીષકુમાર મોદી  કરતા ૬૭૯ મતો વધારે મેળવીને વિજય હાંસલ કરી હતી.

આ ચૂંટણીમાં ચેમ્બરના વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ તરીકે દિનેશ નાવડિયા સામે કોઇ ઉમેદવારે દાવેદારી નહી નોંધાવતા તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. આથી ચૂંટણી કમિટીના ચેરમેન હેતલ મહેતાએ ચેમ્બરના વર્ષ ૨૦૨૦–૨૧ના પ્રમુખ તરીકે દિનેશ નાવડિયા અને ઉપપ્રમુખ તરીકે આશિષ પી. ગુજરાતીની જાહેરાત કરી હતી. બધાએ ચૂંટાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.